## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




હારી જાઈ તો શું કરશું..? એ પ્રશ્નની ચર્ચા કરવા કરતાં આપણે જીતી જવા શું કરવું એ ચર્ચા શરૂ કરીએ...

# ચિલોડા પાસે પ્લાયવુડની ફેક્ટરીમાં આગ લાગી : લાખો રૂપીયાનું નુકશાન



ગાંધીનગર, તા.૨૭

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર માતાપુરા ગામના પાટીયા પાસે આવેલી પ્લાયવુડની ફેકટરીમાં ડ્રાઈગ ચેમ્બરમાં અચાનક રાત્રીના સમયે આગ ભભુકી ઉઠી હતી. આગને પગલે ફેકટરીમાં દોડધામ મચી ગઈ હતી. ગણતરીના સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા તેની ઝપેટમાં સામાન બળીને સ્વાહા થઈ ગયો હતો. જયારે ધુમાડાના ગોટેગોટા દુરદુર સુધી દેખાતા હતા. જયારે ગાંધીનગર ફાયર બ્રિગેડને કોલ મળતા જ ફાયર જવાનો ટીમ સાથે પહોંચી ગયા હતા.સતત ત્રણ કલાક સુધી પાણીનો મારો ચલાવી ફાયર જવાનોએ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લીધો હતો. જયારે આગમાં લાખો રૂપીયાનું નુકશાન થયુ હોવાનો અંદાજ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર માતાપુરા પાટીયા પાસે નેવોન નામની પ્લાયવુડ ફેકટીરમાં ગઈકાલે રાત્રીના સમયે ડ્રાઈગ ચેમ્બરમાં આગ લાગી હતી. જેથી ફેકટરીમાં હાજર કર્મચારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. ફેકટરીમાં હાજર કર્મચારીઓએ આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ લાકડાની ડ્રાય કરવાની ચેમ્બરમાં લાગેલી આગે ગણતરીના સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું. આગની જવાળાઓમાં મોટાભાગની ફેકટરી આવી ગઈ હતી. આગના ધુમાડા દુરદુર સુધી દેખાતા હાઈ વે પર કેટલાક વાહનચાલકો પણ ઉભા રહી ગયા હતા. તો બીજીતરફ આગના બનાવને પગલે આસપાસના ગ્રામજનો પણ સ્થળ પર દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા ગાંધીનગર ફાયર બ્રિગ્રેડના સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી ટીમ સાથે પહોંચી ગયા હતા.જયારે ફાયર બ્રિગ્રેડના જવાનોએ સતત ત્રણ કલાક પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ફાયર જવાનોએ આગને વધુ પ્રસરતા અટકાવી દીધી હતી. જયારે ફેકટરીમાં આગ શોર્ટ સર્કિટને પગલે લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

## ખૂણેખાંચરેથી

- આજે રજા હોવા છતાં ચૂંટણીની તૈયારીઓને લઈ જિલ્લાની કચેરીઓ ચાલુ રહી હતી.
- ગાંધીનગર (૭)માં આજે પોલીસ કર્મયોગીઓનું મતદાન યોજાયું હતું.
- ઈ.વી.એમ. કમિશનીંગની કામગીરી આજે સંપન્ન થઈ જવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં આચારસંહિતા ભંગની ૩૯ જેટલી ફરિયાદો સી વીજીસ એપ પર મળી છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા ૨૯,૮૮૩ જેટલા વાહનોની ચકાસણી કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે પણ એકેય કેસ નોંધાયો નથી.
- સે. ૨૩ સ્થિત એમ.બી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી.
- છોત્તેર ગોળ ગુરૂ બ્રાહ્મણ સમાજ સેવા મંડળ દ્વારા સ્નેહમિલન યોજાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં ગરમ કપડાંના વેચાણમાં વધારો જોવા મળ્યો.
- આજે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ વાવોલમાં જ પ્રચાર કર્યો હતો.
- ગાંધીનગર અમદાવાદ વચ્ચેની એસ.ટી. સેવાઓ નિયમિત બને તેવી લોકોની માંગ વધી રહી છે.

## શ્રી જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં બંધારણ દિવસનું આયોજન




ગાંધીનગર, તા. ૨૬

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં 'બંધારણ દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૮ ના ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં વિદ્યાર્થીઓને ૧ થી ૩ નંબર આપીને વિજેતા જાહેર કર્યા હતા. આ પ્રવૃત્તિનું આયોજન ચૌધરી શીતલબેન એમ.એ કર્યુ હતુ.

## યુવકના આપઘાત પાછળ પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાનો ખુલાસો

ગાંધીનગર,તા.૨૭

શહેરની સેકટર-૩૦ સ્થિત સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ગળાફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેનાર હરીયાણાના યુવકના આપઘાત પાછળ પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાનું સામે આવ્યું છે.

આ અંગે પોલીસે તપાસ કરતા રૂમમાંથી ડાયરી સાથે સ્યુસાઈડ નોટ મળી આવી છે. મળતી વિગત મુજબ જેમાં યુવાને યુવતિ સાથેના પ્રેમસંબંધોનો અંત આવતા આ પગલુ ભર્યુ હોવાનું સામે આવ્યું છે.

ગાંધીનગરની સેકટર-૩૦ સ્થિત યુનિવર્સિટીમાં પીએચડી કરવા માટે હરીયાણાથી આવેલા આશરે ૨૭ વર્ષિય યુવકે ગઈકાલે પંખે ચાદર વડે ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી હતી. જયારે યુનિવર્સિટી કેમ્પસમાં યુવકના મૃત્યુને પગલે શોકનું મોજુ ફરી વળ્યું હતું. જયારે સ્યુસાઈડ નોટ યુવકે જ લખી છે કે કેમ તે અંગે પણ એફએસએલની મદદ લેવામાં આવી છે.જયારે પ્રેમમાં હતાશ થવાના કારણે યુવકે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

## છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



ગાંધીનગર, તા.૨૭

વિસનગર પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર પોલીસે ગોલથરા ગામની ભાગોળમાંથી આરોપી ઝાલમજી ઠાકોરને પકડી પાડ્યા હતા. પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઝાલમજી ઠાકોરને આજથી પાંચ વર્ષ અગાઉ એક યુવતિ સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. ત્યારબાદ ઝાલમજી અને યુવતિ બંન્ને ભાગી ગયા હતા. થોડા સમય બાદ યુવતિ ઝાલમજીના ઘરેથી તેના પિતાના ઘરે ગઈ હતી. ત્યારબાદ આ યુવતિએ ઝાલમજી અને અન્ય બે ત્રણ સગા-સબંધીઓ સામે પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. જે ગુનાને પગલે તે છેલ્લા પાંચ વર્ષથી ધરપકડ ટાળવા માટે ભાગતો ફરતો હતો. પોલીસે આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સિ.સિ.કા. દ્વારા માસિક સભા તથા વરિષ્ઠ સભ્યોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૨૭

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની નવેમ્બર માસની સભા તા. ૩૦-૧૧-૨૨ના રોજ સાંજે ૪.૩૦ વાગે શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સે. ૭-સી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

માસિક સભાની પૂર્ણાહુતિ બાદ વિશિષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરનાર નગરજનનું ૯૦ વર્ષ પૂર્ણ કરનાર સંસ્થાના સભ્યો, ૭૫ વર્ષ પૂર્ણ કરનાર સંસ્થાના ભાઈઓ તથા ૭૦ વર્ષ પૂર્ણ કરનાર સંસ્થાની બહેનોનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સર્વે સભ્યોને પધારવા અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## ચિલોડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સંવિધાન દિવસનું મહત્વ સમજાવાયું



ચિલોડા, તા. ૨૭

ભારતના બંધારણના ઘડવૈયા અને મહાન શિલ્પકાર ડૉ. બાબાસાહેબ આંબેડકર તથા ખરડા સમિતિના અધ્યક્ષના જીવનકવન વિષય પર ટૂંકમાં માહિતી ચિલોડા પ્રાથમિક શાળાના ધોરણ-૮ ના ૫૫ વિદ્યાર્થીઓએ બંધારણ ૮ સંવિધાન દિવસની ઉજવણી નિમિત્તે શિક્ષણ કાનૂની શિબિર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરાલીગલ વૉલન્ટીયર નટુભાઈ પટેલે નાગરિકો સારા આદર્શ નાગરિક બને, અધિકારોનું પાલન કરે, ફરજો નિષ્ઠાપૂર્વક બજાવે વગેરે બંધારણ વિશે જાણકારી મેળવે તે ઉદ્દેશથી ૨૯મી નવેમ્બર સંવિધાન દિવસની ઉજવણી શાળા-કોલેજો-સરકારી કચેરીમાં બંધારણ આમુખનું વાંચન કરવામાં આવે છે.

૧૫મી ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે ભારત દેશ સ્વતંત્ર થયો તેના ૧૪મા દિવસે તા. ૨૯ ઓગષ્ટના રોજ બંધારણ સમિતિએ બંધારણનો મુસદ્દો તૈયાર કરવા એક સમિતિની રચના માટે ડૉ. ભીમરાવ આંબેડકરની વરણી કરવામાં આવી હતી. બંધારણ શ્રેષ્ઠ અને વિશિષ્ટ સંવિધાનનું ઘડતર કર્યુ. ભારતનું બંધારણ ૨ વર્ષ, ૧૧ માસ અને ૧૦ દિવસમાં તૈયાર કરવામાં આવ્યું આ બંધારણમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત વર્ગોના ઉત્થાનને તકો આપવામાં આવી. આ અંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પી.એલ.વી. ચિલોડા પ્રાથમિક શાળાના શિક્ષણવિદ નટુભાઈ પટેલે સંવિધાન વિશે માહિતીગાર કરી તમામ વિદ્યાર્થીઓને સંવિધાનનું આમુખનું વાંચન કરાવી ઉજવણી કરવામાં આવી હતી. સંવિધાનમાં સમાવિષ્ટ વિવિધ સામાજિક, આર્થિક અને અન્ય કલમો વિશે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ તથા સંજયભાઈ પટેલ સહયોગી બન્યા હતા.

## ગૂજરાત વિદ્યાપીઠના હિન્દીભવન આયોજિત રાંધેજા-સાદરા સંકુલ પરિચય પ્રવાસ યોજાયો

ચિલોડા, તા. ૨૭

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત હિન્દીભવનના નિયામક પ્રા. રમેશભાઈ મ. પટેલ આયોજિત ગૂજરાત હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિ અમદાવાદ શહેર હિન્દી પ્રચારક મંડળ સભ્યો અને હિન્દીભવનના સેવકો માટેનો રાંધેજા અને સાદરા સંકુલ પરિચય માટેનો એક દિવસીય પ્રવાસ યોજાયો. સૌ પ્રથમ સંકુલ રાંધેજાના સ્વ. જાનકીદેવી જમનાલાલ બજાજ કુદરતી ઉપચાર કેન્દ્રની મુલાકાતે ડાયાબીટીસ, બ્લડપ્રેશર, સંધિવા, હોજરી, આંતરડાના રોગોને ઓછા ખર્ચે જળમૂળથી નાબૂદ કરવાની કુદરતી ઉપચાર પદ્ધતિઓ વિગત ડૉ. ધર્મેશ પટેલ દ્વારા જાણવા મળી. ગ્રામવ્યવસ્થાપન કેન્દ્રની મુલાકાતે સંકુલ ઉદ્ભવ-વિકાશની વિગત ડૉ. રાજીવ પટેલ દ્વારા જાણવા મળી. ખેડૂતોના કૃષિ-ગોપાલન વિકાસ માટે સંશોધન અને વિસ્તરણ શિક્ષણનું કામ કરતું કૃષિવિજ્ઞાન કેન્દ્રની કાર્ય પ્રણાલીની માહિતી ડૉ. વિષ્ણુપ્રસાદ ગર્ગ દ્વારા જાણવા મળી.

પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર-સાદરાના અધ્યાપક શૈલેન વાઘેલાએ તાલીમાર્થીઓને આપવામાં આવતી તાલીમના પ્રકારોની માહિતી આપી. શૂક્ષ્મજીવાણું વિજ્ઞાન વિભાગ અને ગોબર ગેસ સંશોધન કેન્દ્રની માહિતી ડૉ. મયૂર શાહે આપી. મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરાના બી.એ., એમ.એ., વિભાગનો પરિચય રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર કે જેઓ ડબલ એન્જીન તરીકે ઓળખાતા એવા ડૉ. મોતી દેવુ અને ડૉ. દિવ્યેશ ભટ્ટે આપ્યો. મધ્યસ્થ ગ્રંથાલયનો પરિચય દિશા દવેએ આપ્યો જ્યારે જગદીશ પરીખે ગીતગૂંજન કરી પ્રવાસીઓને હૃદય આનંદ વિભોરથી ભરી દીધા હતા.

## ચિલોડા સર્કલે લગાવેલા રાષ્ટ્રીય પક્ષોના જાહેરાતના તોતિંગ હોર્ડિંગ્સ બોર્ડ દુર કરાયા




ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક વાણિજ્ય અને રાજકીય ક્ષેત્રે મહત્વનું કેન્દ્ર ગણાય છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના કાર્યાલયોનો શુભારંભ થઈ ગયો છે. ત્યારે રાજકીય પક્ષો દ્વારા હોર્ડિંગ્સ, બેનરો અને બોર્ડ દ્વારા ચૂંટણીપ્રચાર કરવા એડીચોટીનું જોર વેગવાન બન્યું છે. ત્યારે ચિલોડા સર્કલે રાજકીય પક્ષોએ લગાડેલા જાહેરાતના હોર્ડિંગ્સ હાઈવે ઓથોરીટીના નિયમ પ્રમાણે ૩૦ મીટર સુધી કોઈપણ જાહેરાતનું બોર્ડ લગાવવું અકસ્માતને આમંત્રણ અને અડચણરૂપ માલુમ પડતાં સત્તાવાળાએ હોર્ડિંગ્સ દૂર કરવાની ફરજ પડી અને સર્કલના ઓવરબ્રીજ નીચે એકઠા કરવામાં આવ્યા. લગભગ દસ જેટલા હોર્ડિંગ્સો હટાવવામાં આવ્યા હતા.

